# માઉન્ટ આબુની હોટલમાં પોલીસનો દરોડો, ૨ ૨ જુગારીઓ ઝડપાયા

## માઉન્ટ આબુમા જુગાર રમતા જુગારીઓ પકડાયા જેમા મોટાભાગ ના આરોપીઓ ગુજરાતના

ગુજરાત અને રાજસ્થાનનું કાશ્મીર એટલે માઉન્ટ આબુ. અરાવલી પર્વતમાળાની વચ્ચે આવેલું સુંદર પર્યટન સ્થળ તરીકે ઓળખાય છે ત્યારે કેટલાક માથાભારે તત્વો અહી જુગાર રમવા આવે છે. આવો જ એક જુગાર ધામનો પર્દાફાશ આબુ પોલીસે કર્યો છે જેમાં આબુની લાશા હોટલના રૂમમાં ૨ ૨ જુગારીઓ જુગાર રમતાં હોવાની બાતમી રાજસ્થાન પોલીસને મળી હતી અને સિરોહી એસપીની સૂચનાથી આબુ પોલીસ સ્ટેશનના પીઆઈ અચલસિંહ તેમની ટીમ સાથે દરોડો પાડી ૨ ૨ જુગારીઓને ઝડપી પાડ્યા હતા અને કાયદેસર કાર્યવાહી કરી હતી.

માઉન્ટઆબુમાં ખાતે વહેલી સવારે આબુ પોલીસનો કાફલો આ હોટલ પર જઈ ૨,૬૩,૦૦૦ની રકમ ઝડપી હતી સાથે ૫,૧૮,૦૦૦ ના ટોકન ઝડપ્યા હતા સાથે સાથે ૫ કાર અને ૨૫ મોંઘા મોબાઈલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.



માઉન્ટ આબુમા જુગાર રમતા જુગારીઓ પકડાયા જેમા મોટાભાગના આરોપીઓ ગોઝારીયા, રાજકોટ કલોલ, અંબાજી લાંઘણજ, દ્વારકા, અમદાવાદ, દિયોદર, પાંથાવાડા,પાલનપુર અને ધાનેરા વિસ્તારના છે સાથે બીજા આરોપીઓ રાજસ્થાનના રહેવાસી છે, શ્રાવણ માસ શરૂ થાય તે પહેલાં ગુજરાતના કેટલાક લોકો જુગાર રમવા રાજસ્થાનના માઉન્ટ આબુ પહોંચ્યા હતા. આ પોલીસની રેડ આ વર્ષની સૌથી મોટી રેડ હતી જેમાં માઉન્ટઆબુ પીઆઈ અચલસિંહ તેમની સાથે ટીમના પ્રતાપસિંહ, ફૂલારામ, સતીશ, જીલેસિંહ, રાજવીરસિંહ, વિક્રમ ભારતી અને સમુદ્રસિંહ હાજર રહ્યા હતા.

### આરોપીઓના નામ

કમલેશ કાંતિલાલ પ્રજાપતી, ગોઝારીયા, પરીમલ બાબુભાઈ વાઢેર, રાજકોટ, કેતન ભાઈચંદ પટેલ, ગોઝારીયા, કિરણ મણીભાઈ પટેલ, કલોલ, ધરમાભાઈ અમથાભાઈ રાણાવસિયા, અંબાજી, અજય ચંદુભાઈ પટેલ, લાંઘણજ, નકુભાઈ દેવાભાઈ યાદવ, દ્વારકા. દિનેશ કાંતિલાલ જૈન, શાહીબાગ, અમદાવાદ, નિતીન બાબુભાઈ સોલંકી, દિયોદર, દિનેશ સાંકળપુરી ગોસ્વામી, જાલોર, મેમણ યાસીન દાઉદ ભાઈ, દિયોદર, મહેન્દ્ર દેવાજી પરમાર, દિયોદર, પ્રિન્સ જીવણજી વાઘેલા, અમદાવાદ, શંકર દેવજી પટેલ, સલુંમ્બર, યતીન ઘનશ્યામસિંહ રાજપુત, અમદાવાદ, સાકિર રફિકભાઈ, પાંથાવાડા, લક્ષ્મણ ઈશ્વરભાઈ, મેઘવાલ ધાનેરા, ઓલારામ હીરાજી મેઘવાલ, કાલંદરી, રાહુલ ઓલારામ મેઘવાલ, કાલંદરી, મખનારામ હીરાજી મેઘવાલ, જાવાલ, અમરભારતી ઉકાજી ગોસ્વામી જાલોર, કેતન શાંતિલાલ સુથાર, પાલનપુર

# બાયડની વાત્રક નદીમાં મગરે ભેંસ પર હુમલો કર્યો

**નદીમાં પાણી પીવા ઉતરેલી ભેંસના મોઢાના ભાગે હુમલો કરી શિકાર કરવાનો પ્રયાસ કરાયો : ગંભીર રીતે ઘાયલ ભેંસની સારવાર કરાવવા પશુ ડોક્ટરને જાણ કરાઈ : વાત્રક નદીમાં મગર દેખાતા લોકમાં ભયનો માહોલ ઉભો થયો**



બાયડ, તા. ૧૮

બાયડ તાલુકાના વાત્રક ગામે આવેલ વાત્રક નદીમાં વર્ષોથી મગર વસવાટ કરે છે ત્યારે આજરોજ બપોરના સમયે વાત્રક નદીમાં ઉતરેલી ભેંસ ઉપર મગરે અચાનક હુમલો કરી ઘાયલ કરી હતી, પાણી પીવા ઉતરેલ ભેંસ ઉપર મગરે હુમલો કરતા નદી કિનારે ઉભેલા લોકોએ પથ્થરમારો કરી ભેંસને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ભેંસ પણ મગર સાથે મરણીયો પ્રયાસ કરી પોતાનો જીવ બચાવ્યો હતો. ગંભીર રીતે ઘાયલ ભેંસની સારવાર માટે પશુ ડોક્ટરને જાણ કરવામાં આવી હતી. વાત્રક નદીમાં મગર દેખાતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો.

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૪ તાલુકામાં વરસાદ ખાબક્યો

અમદાવાદ,તા.૧૮

રાજયમાં છેલ્લા ઘણા દિવસોથી મેઘ મહેર યથાવત્ છે. અત્યારસુધીમાં સૌથી વધુ સૌરાષ્ટ્રમાં વરસાદ વરસ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૭૪ તાલુકામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. જેમાં ૫ તાલુકામાં સૌથી વધુ અડધાથી ૧ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ગઈકાલે સૌથી વધુ જુનાગઢના કેશોદ તાલુકામાં ૧ ઈંચની આસપાસ વરસાદ પડ્યો છે. ત્યારબાદ દાહોદ, તાપી, જુનાગઢ, સાબરકાંઠા, ડાંગ સહિતમાં મેઘ મહેર જોવા મળી હતી. અમદાવાદમાં કેટલાક વિસ્તારમાં સામાન્ય વરસાદ પડતા ઉકળાટનો માહોલ સર્જાયો હતો.

# રાજસ્થાનની સગીરાના નકલી દસ્તાવેજ બનાવી પાંચ લાખમાં બનાસકાંઠામાં વેચી દેવાઈ

**સગીરાની બોલી ઉપરથી ભાંડો ફૂટયો : ૧૮૧ અભિયમ દ્વારા સગીરાને પાલનપુર સખી વન સ્ટોપ સેન્ટરમાં મોકલાઈ**

રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારની એક સગીરાની જાતિ સહિતના નકલી ડોક્યુમેન્ટ બનાવી તેણીને બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પંથકમાં રૂપિયા ૫ લાખ અને સોનાના દાગીના લઈ વેચી દેવાઈ હોવાનો હ્યુમન ટ્રાફિકિંગનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સગીરા સાથે લગ્ન કરનાર યુવકને તેણીની રહેણીકરણી અને બોલી ઉપરથી સમગ્ર બાબતની જાણ થતાં આખરે સગીરાના પરિવારજનોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. જોકે, તેઓ ફરાર થઈ ગયા હોઈ બનાસકાંઠા ૧૮૧ અભિયમ દ્વારા સગીરાને પાલનપુર સખી વન સ્ટોપ સેન્ટરમાં મોકલાઈ છે.

ગુજરાતના પડોશી રાજ્ય રાજસ્થાન માંથી સગીરા-યુવતીઓને નાણાં લઈ બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં વેચી દેવાનું વ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે. જ્યાં અગાઉ પણ આવા કિસ્સા નોંધાઈ ચુક્યા છે. ત્યારે રાજસ્થાનના અંતરિયાળ વિસ્તારની એક સગીરાની જાતિ સહિતના નકલી ડોક્યુમેન્ટ બનાવી તેણીને બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પંથકમાં રૂપિયા ૫ લાખ અને સોનાના દાગીના લઈ વેચી દેવાઈ હોવાનો હ્યુમન ટ્રાફિકિંગનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે બનાસકાંઠા ૧૮૧ અભિયમના કાઉન્સેલર જીનલબેન પરમારે જણાવ્યું હતું કે, રાજસ્થાનના રાણીવાડા તાલુકાના એક ગામની ૧૫ વર્ષીય સગીરાને ઉદેપુર જિલ્લાના કોટડા તાલુકાના એક ગામમાં લવાઈ હતી. જયાંથી આ શખ્સોએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના એક ગામના કે જે પોતાના પુત્ર માટે કન્યાની શોધમાં હતો એમનો સંપર્ક કર્યો હતો. અને સગીરા એમની જાતિ ની જ હોવાના ખોટા દસ્તાવેજ બનાવી રૂપિયા ૫ લાખ રોકડા તેમજ સોનાના દાગીના લઈ તેણીને યુવક સાથે પરણાવી દેવામાં આવી હતી.

જોકે, સગીરા આ યુવકના ઘરે આવતાં તેની રહેણીકરણી અને બોલી ઉપરથી પોતાની જ્ઞાતિની ન હોવાનું લાગતાં આખરે સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. અને સગીરાને આપી જનારા પરીવારજનોની શોધખોળ કરવામાં આવી હતી. જોકે, તેઓ રાજસ્થાનના તેમના વતનમાંથી ફરાર હોવાનું જાણવા મળતાં આખરે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જોકે, હવે ધાનેરાનો પરિવાર આ સગીરાને રાખવા માંગતો ન હોઈ તેના માતા પિતા ન મળે ત્યાં સુધી પાલનપુર સિવિલ હોસ્પિટલ સ્થિત સખી વન સ્ટોપ સેન્ટરમાં રાખવામાં આવી છે.

# ખેડબ્રહ્માં પોલીસે વાહન ચોરીના બે ગુન્હાઓનો ભેદ ઉકેલ્યા

ખેડબ્રહ્મા, તા. ૧૮

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજયનાઓએ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ વધતા ગુન્હાઓ અટકાવી ગુન્હાઓ શોધી કાઢવા તેમજ પ્રોહીબીશન લગત ગે.કા. દારૂની હેરાફેરીના ગુન્હાઓ શોધી કાઢી ગુન્હાઓ અટકાવવા સારૂ આપેલ સુચના અન્વયે મહે. પોલીસ અધીક્ષક ચૈતન્ય મંડલીકે કરેલ સૂચના મુજબ તથા ના.પો. અધિ ઈડર વિભાગ ઈડરનાઓના માર્ગદર્શન હેઠળ ખેડબ્રહ્માં બસસ્ટેશન હાઈવે રોડ ઉપર વી.બી. પટેલ પો.સ.ઈ. ખેડબ્રહ્માં પો.સ્ટે. તથા પોલીસ સ્ટાફના વિષ્ણુભાઈ અમરાજી, નિલમબેન પ્રતાપદાન, રાકેશકુમાર સુરમાજી, જયંતીકુમાર ધુળાજી, રાજેન્દ્રસિહ જસવંતસિહ, જયદીપભાઈ જીતભાઈ વિગેરે પોલીસ સ્ટાફ મળી વાહન ચોરીઓ સંબંધે તેમજ વિદેશી દારૂની હેરાફેરી સબંધે બનતા ગુના અટકાવવા સારૂ વાહનચેકીંગમાં હતા. દરમ્યાન આરોપી શંકરભાઈ લશમાભાઈ લાડુભાઈ જાતે તરાલ, ઉવ.૨૧, ધંધો ખેતી, રહે. મહાડી (બુંબડીયા ફળી) તા. કોટડા જી. ઉદેપુર રાજસ્થાનવાળાને ખેડબ્રહ્માં પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૫૨૦/૨૦૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હામાં તેમજ આરોપી-ગોવાભાઈ બાબુભાઈ હોમાભાઈ બુંબડીયા ઉવ.૨૧ તથા તેની સાથે બે ઈસમ રહે.જોગીવડ, તા.કોટડા, જી.ઉદેપુર રાજસ્થાનવાળાને ખેડબ્રહ્માં પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૫૨૭/૨૦૨૦ ઈ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુન્હામાં ચોરીમા ગયેલ મુદ્દામાલના મોટરસાયકલ સાથે પકડી પાડી પોલીસ રીમાન્ડ પર મેળવી ઉંડાણપૂર્વક પુછપરછ કરતા સહ-આરોપી ગોવિંદ મિરખાન પારગી તથા સુરેશ ધર્મા પારગી તથા અજીત ભગારામ પારગી તમામ રહે. સડા, તા-કોટડા જી. ઉદેપુરવાળાઓ ભેગા મળી અલગ અલગ જગ્યાએથી ચોરી કરેલાની કબુલાત કરતા તપાસ દરમ્યાન તેઓની પાસેથી કુલ ૧૧ મો.સા. કુલ કિ. રૂ.૨,૩૦,૦૦૦ ના મુદ્દામાલના મો.સા રીક્વર કરી ખેડબ્રહ્માં પોલીસ સ્ટેશનના તેમજ જિલ્લાના વણશોધાયેલા ગુનાઓ શોધવા માટેની સઘન પુછપરછ ચાલુમાં છે.



## દારૂની મહેફિલ માણતા મનપાના કર્મચારીઓના ફોટા વાયરલ, કરાયા સસ્પેન્ડ

સુરત,તા.૧૮

સુરતમાં દારૂની મહેફિલ માણતા મનપાના ૩ કર્મચારીઓને ફરજ પરથી મોકૂફ કરવામાં આવ્યા છે. આ ત્રણેય કર્મચારીઓ મનપા વેસ્ટ ખાતે ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા.અને તેઓ અડાજણ ગેલ ટાવર પર આવેલ ડેપોમાં મહેફીલ માણી રહ્યા હતા.જેથી તેમની આ કરતૂતને કારણે તેમને સસ્પેન્ડ થવાનો વારો આવ્યો છે.

મહત્વનું છે કે જે સમયે કર્મચારીઓ દારૂની મહેફીલ માણી રહ્યા હતા ત્યારે સ્થાનિકોએ તેમના ફોટા પાડી લીધા અને તે ફોટા વાયરલ કર્યા.ત્યારે સમગ્ર મામલો સામે આવ્યો હતો.



## ડીસા નાયબ કલેકટરનું કોરોના વોરિયરરૂપે સન્માન

વિશ્વ મહામારી કોરોના વાયરસના કપરા સમયમાં પણ સતત માર્ગદર્શન સાથે પ્રજામાં જાગૃતિ લાવવાના વિવિધ પ્રયાસો થકી આ મહામારી પર કાબુ મેળવવાની સુંદર કામગીરી બદલ વિશ્વ હિન્દુ પરિષદ ડીસા પ્રખંડ (બજરંગદળ) ડીસા દ્વારા કોરોના વોરિયર્સ ડીસાના નાયબ કલેકટર હિરેનભાઈ પટેલનુ શાલ અને સન્માન પત્રથી સન્માન કરવામાં આવેલ. સાથે સાથે આ કોરોના મહામારીમાંથી બચવા માટે હજુ પણ લોકોમાં વધુ જાગૃતતા લાવવાની જરૂરત છે અને આ બાબતે વધુ જુસ્સાથી આગળ વધીશું તેવી ઈચ્છા તેમણે વ્યક્ત કરી. આજના આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ ડીસા પ્રખંડ પ્રમુખ જયેશભાઈ દેસાઈ, મંત્રી મહેન્દ્રભાઈ માળી, બજરંગદળ સહ સંયોજક આકાશભાઈ ધૈરાવ તેમજ વિપુલભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા.

# પ્રાંતિજ ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રાંતિજ શહેર સંગઠનની રચના

**ભાજપ શહેર પ્રમુખની અધ્યક્ષતામાં મીટીંગ યોજાઈ : ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા : પ્રમુખ, મહામંત્રી, કોષાઅધ્યક્ષની રચના કરવામાં આવી**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આજે ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રાંતિજ શહેર સંગઠનની રચના કરવામાં આવી હતી. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના કાર્યાલય ખાતે ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટની અધ્યક્ષ સ્થાને મીટીંગ યોજાઈ હતી જેમાં પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રતિલાલ ટેકવાણી, સંગઠનના મહામંત્રી ગીરીશભાઈ પટેલ, મહામંત્રી નિકુલભાઈ રામી ઉપસ્થિત રહ્યા હતા અને જિલ્લામાંથી આવેલ નવીન હોદ્દેદારોની યાદી પ્રસ્તુત કરી હતી. જેમાં ઉપ્રમુખો, મંત્રીઓ, કોષાઅધ્યક્ષની વરણી કરવામાં આવી હતી તેમજ શહેર વિસ્તારના વિવિધ કારોબારીના ૪૫ સભ્યોની પણ વરણી કરવામાં આવી હતી. પ્રાંતિજ શહેર મંડળમા છ ઉપપ્રમુખોની વરણી કરવામાં આવી હતી, રાઠોડ દલપતસિંહ હિંમતસિંહ, પટેલ ભગવતીબેન કનુભાઈ, પંડયા મનિષકુમાર કિર્તિકુમાર, કડીયા જાગૃતિબેન અશોકભાઈ, શાહ જીગર અરવિંદભાઈ, મોદી મનોજકુમાર રમેશચંદ્રની વરણી કરવામાં આવી હતી. મંત્રી તરીકે પણ છ ની વરણી કરવામાં આવી હતી. મિસ્ત્રી કમલેશભાઈ પ્રેમચંદભાઈ, પારેખ હર્ષિદાબેન વિજયકુમાર, પંડ્યા આરતિબેન મહેશભાઈ, ભોઈ હિનાબેન પિન્ટુભાઈ, મકવાણા મેહુલસિંહ પ્રવિણસિંહ, સોની અમરિશકુમાર રતિલાલ, કોષાઅધ્યક્ષ પટેલ અરવિંદભાઈ કાન્તિભાઈની નિમણુંક કરાઈ છે.



## વડોદરામાં કોરોનાને કારણે વધુ ૬ દર્દીના મોત, કુલ કેસનો આંક ૩૪૪૭ થયો

વડોદરા શહેરનમાં ૩ મહિલા સહિત કુલ ૬ દર્દીના કોરોના વાઈરસની સારવાર દરમિયાન આજે મૃત્યુ થયા છે. જેમની અંતિમ વિધિ સરકારની ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવશે. વડોદરા શહેરમાં કોરોના વાઈરસના સંક્રમણને પગલે રેડ ઝોનમાં મુકવામાં આવેલી ઉત્તર અને દક્ષિણ ઝોનની ૯૬ સોસાયટીમાં ૧૮ એપ્રિલથી ૧૭ જુલાઈ સુધી એકપણ કેસ ન નોંધાયો નથી. જેને પગલે આ તમામ ૯૬ સોસાયટીઓને રેડ ઝોનમાંથી મુક્ત કરીને ઓરેન્જ ઝોનમાં મુકવામાં આવી છે. વડોદરા મહાનગર પાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે વડોદરા શહેર અને જિલ્લામાં કોરોના વાઈરસના કેસનો કુલ આંક ૩૪૪૭ ઉપર પહોંચી ગયો છે. વડોદરામાં અત્યાર સુધીમાં કુલ ૨૬૨૭ દર્દી રિકવર થયા છે. વડોદરામાં અત્યારે કુલ ૭૬૦ એક્ટિવ કેસ છે, જે પૈકી ૧૨૫ ઓક્સિજન ઉપર અને ૩૮ વેન્ટીલેટર-બી પેપ ઉપર છે અને ૫૯૭ દર્દીની હાલત સ્થિર છે.



## જાયન્ટસ ગ્રુપ અને લાયન્સ ક્લબ મોડાસા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણનો પ્રારંભ

જાયન્ટ્સ ગ્રુપ મોડાસા અને લાયન્સ ક્લબ દ્વારા મોડાસા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં પર્યાવરણ બચાવો અભિયાન હેઠળ વૃક્ષો વાવો અને વૃક્ષોનું જતન કરવા આગામી પચ્ચીસ તારીખ એટલે એક સપ્તાહ સુધી વૃક્ષારોપણ સપ્તાહની ઉજવણી કરશે જેમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ સહિતની જગ્યાએ વૃક્ષારોપણ કરવાનું આયોજન છે. જે અનુસંધાને આજે જાયન્ટ્સ મોડાસા ગ્રુપે પ્રથમ દિવસે મોડાસાની સરકારી આઈટીઆઈ, શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ તેમજ મોડાસા સબ જેલમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, મોડાસાની સબજેલ બહાર ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કરાયું હતું. જેમાં જેલ સુપ્રિન્ટેન્ડન્ટ તેમજ જેલ સ્ટાફ સહિત જાયન્ટ્સ ગ્રુપના સભ્યો જોડાઈને પર્યાવરણ બચાવવા અને વરસાદ વધુ લાવવા ખાસ પ્રયાસ હાથ ધર્યો છે. લાયન્સ ક્લબ મોડાસાની ટીમે ભરત વાટિકા વિસ્તારમાં વૃક્ષારોપણ કર્યું હતું.

## વડોદરામાં રૂબામીનના કર્મચારી સહિત કોરોનાથી ૧૨નાં મોત

વડોદરા,તા.૧૮

શહેરમાં કોરોનાનો કેર યથાવત રહ્યો છે. વાડીના રૂબામીન કંપનીના કર્મચારી, વારસિયાના કાપડના વેપારી અને સિલાઈકામ કરતી ૨૮ વર્ષની યુવતી સહિત શહેરમાં ૧૨ના કોરોનામાં મોત નિપજ્યાં હતા, જેમાંથી ૩ના કોરોના રિપોર્ટ પેન્ડિંગ હતા અને ૨ના શંકાસ્પદ કોરોનામાં મોત નિપજ્યાં હતા. શુક્રવારના મૃતકોમાં ભરૂચના વૃદ્ધનો અને એક સુરતની વૃદ્ધાનો સમાવેશ થાય છે.

શહેરમાં શુક્રવારે કુલ ૭૭ પોઝિટિવ કેસો નોંધાતા શહેરમાં પોઝિટિવ કેસોની સંખ્યા ૩,૪૪૭ પર પહોંચી ગઈ છે. શહેરમાં માંજલપુર વ્રજધામ મંદિર ખાતે કામ કરતા એક એકાઉન્ટન્ટ અને એક સહાયકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જોકે મંદિરના સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ એક જ કર્મચારી જે રાજકોટથી આવ્યો હતો તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેમને રાજકોટ પરત મોકલાયા છે અને ત્યાં તેમની સારવાર ક્વોરન્ટીન કરીને કરાઈ રહી છે.

# સૌરાષ્ટ્રથી અમદાવાદ બસમાં આવતા મુસાફરોના ચેકિંગમાં માટે લાગી લાંબી કતારો

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં કોરોનાને કાબૂમાં રાખવા માટે એએમસી દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. શહેરમાં પ્રવેશતા મુસાફરોનું હાઈવે ઉપર જ સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્રથી આવતી સરકારી-ખાનગી બસનું ચેકિંગ ચુસ્ત બનાવ્યું છે. ચેકીંગ માટે મુસાફરોની લાંબી લાઈન છે. કેટલાય મુસાફરોનો રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યો છે. તો બીજી તરફ, એએમસી દ્વારા એએમટીએસ સ્ટાફ વિશેષ વ્યવસ્થા કરાઈ છે. એએમટીએસના સ્ટાફના કોરોના ટેસ્ટ કરવાનું શરૂ કરાયું છે. જમાલપુર એએમટીએસ ટ્રેનિંગ સેન્ટર ખાતે ટેસ્ટીંગ શરૂ કરાયા છે. દરેક વિભાગના મળી ૪૦૦૦ કર્મીઓનો ટેસ્ટ કરાશે. ઉલ્લેખનીય છે કે, સુરત અને અન્ય જિલ્લાઓમાં વકરી રહેલા કોરોનાને પગલે એસટી તંત્ર દ્વારા મોટો નિર્ણય લઈને તકેદારીના પગલા લેવાઈ રહ્યાં છે. અમદાવાદમાં આવતી અને જતી તમામ બસ સેવા શરૂ કરાઈ છે. સુરત અને અન્ય જિલ્લાઓમાંથી ખાનગી વાહનોમાં આવતા લોકોનું પણ શહેરમાં પ્રવેશ પહેલા સ્કેનિંગ શરૂ કરાયું છે. એસટી વિભાગ અને એએમસી દ્વારા એક્સપ્રેસ હાઈ વે પર તપાસ થઈ રહી છે. હાઈવે પર રેપિડ ટેસ્ટથી સ્કેનિંગ કરવામાં આવી રહ્યું છે. થોડા દિવસ પહેલા જ ખાનગી ટ્રાવેલ્સે પણ અમદાવાદથી સુરતનું બુકિંગ પણ બંધ કરાયું છે.